# સાયરા ગામ નજીક યુવતીની ઝાડ પરથી ગળેફાંસો ખાધેલી મળેલ લાશ પ્રકરણ

## યુવતીના પરિવારજનોએ ફરિયાદ પછી પીએમની માંગ પર અડગ : મોડાસા ચાર રસ્તા પર ચક્કજામ

મોડાસા, તા ૬

મોડાસા નજીક સાયરા(અમરાપુર) ગામની અનુ.જાતિ સમાજની ૧૯ વર્ષીય ૫ દિવસ અગાઉ ગુમ થતા પરિવારજનોએ શોધખોળ હાથધરી પોલીસને યુવતીનું અપહરણ થયું હોવાની સાથે ૪ શખ્શોને નામજોગ અને અન્ય શખ્શો અપહરણમાં સામેલ હોવાની અને યુવતીનું કારમાં અપહરણ થયું હોવાના સીસીટીવી ફૂટેજ આપ્યા હતા રવિવારે સવારે સાયરા ગામ નજીક ગુમ યુવતીની ઝાડ સાથે ગળેફાંસો



ખાધેલી હાલતમાં લાશ મળી આવતા ચકચાર મચી હતી પરિવારજનો અને મોટી સંખ્યામાં દોડી આવેલા લોકોએ યુવતી સાથે સામુહિક બળાત્કાર કરી હત્યા કરી લાશ લટકાવી દીધી હોવાના આક્ષેપ સાથે યુવતીનો મૃતદેહ ઝાડ પરથી ઉતારવાનો નનૈયો ભણી પોલીસતંત્રની ઢીલી નીતિના પગલે યુવતીનો ભોગ લેવાયો હોવાનો રોષ ઠાલવ્યો રેન્જ આઈજી પણ મયંકસિંહ ચાવડા પણ સોમવારે મોડાસા દોડી આવ્યા હતા.

સાયરા ગામે ઘટનાસ્થળે પરિવારજનો અને અનુ.જાતિના લોકોના ટોળેટોળા ઉમટતા જિલ્લાભરની પોલીસ સાયરા ગામમાં ખડકી દીધી હતી અજંપાભરી સ્થિતિનું નિર્માણ થતા માંડી સાંજે જીલ્લા પોલીસવડા મયુર પાટીલ ઘટનાસ્થળે પહોંચી પરિવારજનો અને સામાજિક અગ્રણીઓને તેમની માંગણીઓ અંગે હૈયાધારણા આપતા સાંજે ૭ વાગ્યા પછી યુવતીનો મૃતદેહ ઝાડ પરથી ઉતારી મોડાસા પીએચસી સેન્ટર માટે ખસેડી દીધો હતો.

સોમવારે વહેલી સવારે પરિવારજનોએ અને સગા-સંબંધીઓએ પી.એમ કરતા પહેલા યુવતીનું અપહરણ કરનાર શખ્શો સામે પહેલા ફરિયાદ નોંધવામાં આવેની માંગ પર અડગ રહેતા સામાજિક અગ્રણીઓ અને લોકોના ટોળેટોળા પીએચસી સેન્ટર પર લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા બીજા દિવસે પણ પરિવારજનોએ ન્યાયની માંગ સાથે પરિવારજનો સહિત આગેવાનોએ મોડાસા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર ધરણાં કર્યા હતા. ગત સવારે યુવતીની સાયરા ગામની સીમમાંથી લટકતી હાલતમાં લાશ મળ્યા બાદ પરિવારજનોએ આરોપીઓને પકડવાની ઉગ્ર માંગ કરી હતી, જોકે સમજાવટ બાદ મૃતદેહને મોડી રાત્રે પીએમ માટે પીએચસી કેન્દ્ર ખાતે લવાયો હતો. વહેલી સવારથી જ વહીવટી તંત્ર તેમજ પોલિસ તંત્રની સમાજના આગેવાનો સાથે બેઠકોનો દોર ચાલ્યો હતો પણપરિવારજનો પહેલા ફરિયાદ પછી પોસ્ટમોર્ટમની માંગ સાથે હોસ્પિટલમાં મહિલાઓ ધસી આવતા ઉગ્ર દેખાવો કર્યો હતો. મહિલાઓએ પોલિસ વિરૂદ્ધ છાજિયા લઈ ન્યાયની માંગ કરી હતી.



પીએચસી સેન્ટર પર એકઠા થયેલા યુવાનોએ મોડાસા ચાર રસ્તા પર બપોરે ૨ વાગ્યા પછી ચક્કાજામ કરી ફરિયાદ નોંધવાની માંગ પર અડગ રહેતા ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા ચાર રસ્તા પર પોલીસના ધાડેધાડા ઉતરી પડ્યા હતા અને ચક્કાજામ કરનાર યુવકનોને સમજાવવા પ્રયત્નો હાથધરાયાં હતા યુવાનો અને પીએચસી સેન્ટર પર ધરણાપર બેઠેલા પરિવારજનો ટસના મસના થતા ભારે તંગદિલી ભર્યુ વાતાવરણ સર્જાયું હતું સમગ્ર ઘટનાના પગેલ મોડાસા શહેરમાં અજંપાભરી સ્થિતિનું નિર્માણ થયું હતું આખરે પોલીસતંત્રએ મૃતક યુવતીના પરિવારજનોની માંગ અનુસાર ફરિયાદ નોંધવા તજવીજ હાથધરી હોવાની માહિતી પોલીસસૂત્ર પાસેથી પ્રાપ્ત થઈ હતી.

# પ્રાંતિજ કોર્ટનો ચુકાદો : ચેક રીટન કેસમાં શિક્ષકને ૧ વર્ષની સાદી કેદ

પ્રાંતિજ તા.૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ કોર્ટ દ્વારા ચેક રીટર્ન કેસમાં આરોપીને એક વર્ષ ની સાદી કેદ ની સજા તથા ૨૨,૦૦,૦૦૦ લાખ દંડ કરવામાં આવ્યો છે અને જો આરોપી દંડની રકમ ના ભરેતો વધુ ત્રણ માસ ની સાદી કેદની સજા ભોગવવાનો હુક્મ કરવામાં આવ્યો છે.

પ્રાંતિજ તા લુકાના બોભા ગામે રહેતા પટેલ કાલીદાસ પુંજાભાઈ ઉ.વર્ષ-૫૩ કે જેવો એ પોતાના ભાણેજ મહેશ કુમાર નારણભાઈ પટેલ રહે. વડવાસા તથા આરોપી બારીયા સહદેવભાઈ ધુળાભાઈ ઉ.વર્ષ-૫૦ રહે. બી,૩૪ નંદીગ્રામ કો.ઓપ. સોસાયટી , પાણી ની ટાંકી ની સામે નોબલનગર સામે , આલોક ટેનામેન્ટ ની બાજુ મા નાના ચિલોડા , અમદાવાદ ખાતે રહે છે અને બન્ને સાથે શિક્ષક ની નોકરી કરે છે અને ફરીયાદી ના ભાણા ભાઈ સાથે ફરીયાદી ના ઘરે આવતા સબંધ બંધાયો હતો જેને લઈને આરોપી બારીયા સહદેવભાઈ ધુળાભાઈ અવર નવર આવતા હતાં તો આરોપી શિક્ષક ને ગાંધીનગર મુકામે ફેલટ ખરીદવા માટે ફરીયાદી ને વિશ્વાસ માં લઈને તેમણા ભાણેજ મહેશ કુમાર ની હાજરી માં ૧૫,૦૦,૦૦૦ લાખ ફરીયાદી પાસે થી હાથ ઉછીના માગણી કરેલ હતી જેમાં ફરીયાદી પટેલ કાલીદાસ પુંજાભાઇ દ્વારા પ્રાંતિજ શાખા ના ખાતામાંથી ૮,૦૦,૦૦૦ લાખ તથા ૨,૦૦,૦૦૦ ઘરે રાખેલ રકમ તથા પટેલ જશુભાઈ અંબાલાલ પાસેથી ૫,૦૦,૦૦૦ મળી કુલ-૧૫,૦૦,૦૦૦ રોકડા હાથ ઉછીના આરોપી શિક્ષક સહદેવભાઈ બારીયા ને આપ્યા

**૨૨,૦૦,૦૦૦ દંડ પેટે ચુકવવા કોર્ટ નો હુકમ : આરોપી દંડની રકમ ના ભરેતો વધુ ત્રણ માસ ની કેદની સજા ભોગવવાનો હુક્મ : ખોટા ચેક આપનાર લોકોમાં ભયનો માહોલ**

હતાં અને આરોપી શિક્ષક દ્વારા બે માસ માં લોન કરી પરત આપવાનો વાયદો પુરો થયો છતાં આરોપીએ ફરીયાદી ની લહેણી રકમ પરત ના ચુકવતા ફરીયાદી પટેલ કાલીદાસ દ્વારા અવર નવર માગણીઓ કરતા આરોપી શિક્ષક બારીયા સહદેવભાઈ દ્વારા ફરીયાદી ના ઘરે આવી મારી પાસે હાલ રૂપિયા નથી જેથી ૩૦-૦૬-૨૦૧૮ ના રોજ ફરીયાદી ને બેક ઓફ બરોડા ,વિધાનસભા , ગાંધીનગર શાખા નો ૧૦-૦૭-૨૦૧૮ તારીખ નો ૧૫,૦૦,૦૦૦નો ચેક આપ્યો હતો પણ ફરીયાદી એ ચેક પ્રાંતિજ દેનાબેક માં ભરતા આરોપી ના ખાતામાં રકમ ના હોવાથી પરત થયો હતો તો આ અંગે ફરીયાદી દ્વારા આરોપી ને જાણ કરતા આરોપી એ ઉધ્ધત અને ઉડાઉ જવાબ આપ્યો હતો જેથી ફરીયાદી ના વકીલ કે.ટી.પટેલ દ્વારા પ્રાંતિજ એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટે ફસ્ટ કલાસ સાહેબ ની અદાલત માં કેશ દાખલ કરતા નેગોશિયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ ની કલમ-૧૩૮ મુજબ ગુનો નોંધાતાં કેસ કોર્ટમાં ચાલતા પ્રાંતિજ કોર્ટ એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટે ફસ્ટ કોર્ટ માં દાખલ કરતા કેસ ચાલતા કોર્ટ દ્વારા આરોપી શિક્ષક ને ગુનેગાર ઠરાવી એક વર્ષ ની સાદી કેદ તથા દંડ તરીકે મૂળ રકમ વ્યાજ સહિત ૨૨,૦૦,૦૦૦ લાખ ચુકવવા નો હુકમ કરવામાં આવ્યો છે અને જો આરોપી દંડની રકમ ના ભરેતો વધુ ત્રણ માસ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવ્યો છે તો કોર્ટ દ્વારા આવો હુકમ કરવામાં આવતા ખોટા ચેક આપનાર લોકો માં ભય નો માહોલ ફેલાયો છે.

# મુખ્યમંત્રી જવાન રાહત ભંડોળમાંથી શારીરિક ક્ષતિગ્રસ્ત જવાનને રૂ. ૫૦ હજારનો ચેક અર્પણ

પાલનપુર, તા. ૬

મુખ્યમંત્રી જવાન રાહત ભંડોળમાંથી શારીરિક ક્ષતિગ્રસ્ત જવાનને કલેકટરશ્રી સંદીપ સાગલેના હસ્તે રૂ. ૫૦,૦૦૦/-નો ચેક પાલનપુર કલેકટર કચેરી ખાતે એનાયત કરવામાં આવ્યો હતો. બટાલીયન જમ્મુ અને કાશ્મીર રાઈફલ્સમાં ચાલુ સેવામાં વર્ષ-૨૦૦૩માં જમ્મુ-કાશ્મીર (ઓપરેશન રક્ષક) ડોબન પટ્ટી વિસ્તારમાં ફરજ પર હતા ત્યારે આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલ હુમલામાં બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના અડેરણ ગામના જવાન નાયક આગલોડિયા મહંમદભાઈ સુલેમાનને જમણા પગના ઘૂંટણના ભાગમાં ગોળી વાગવાથી ૫૦ ટકા ક્ષતિગ્રસ્ત થયા હતાં. ગૃહ વિભાગના તા.૦૩/૦૨/



૨૦૧૬ના ઠરાવની જોગવાઈ પ્રમાણે આગલોડિયા મહંમદભાઈ સુલેમાનને મુખ્યમંત્રી રાહત ભંડોળમાંથી રૂ. ૫૦,૦૦૦/-ની આર્થિક સહાય તથા રૂ. ૧૦૦૦/-ની માસિક સહાય તેઓને આજીવન ચુકવવા રાજય સરકારશ્રીના ગૃહ વિભાગ દ્વારા હુકમ કરવામાં આવ્યો છે. માસિક સહાયની રકમ મુખ્યમંત્રી જવાન રાહત ભંડોળમાંથી જવાનના બેંક ખાતામાં બારોબાર દર માસે જમા થઇ જાય તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

આ પ્રસંગે નિવાસી અધિક કલેકટરશ્રી એલ.બી.બાંભણીયા સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# પાલનપુર ખાતે બાળલગ્ન નાબૂદી કાર્યક્રમ અંતર્ગત કિશોર-કિશોરી સશક્તિકરણ સેમિનાર

પાલનપુર, તા, ૬

પાલનપુર ખાતે એક દિવસીય બાળલગ્ન નાબૂદી કાર્યક્રમ અંતર્ગત જનજાગૃતિ અને કિશોર-કિશોરી સશક્તિકરણ સેમિનાર જિલ્લા સમાજ સુરક્ષા વિભાગ, બાળ સુરક્ષા એકમ તથા ચાઈલ્ડ રાઈટ એન્ડ યુ ના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવ્યો હતો. બાળ લગ્ન એક સામાજિક દૂષણ છે, જે લોકોમાં જાગૃતિ અને કાયદાના કડક અમલ થકી આવનાર સમયમાં તેને નાબૂદ કરી શકાય એમ છે. આ દિશામાં પ્રયાસના એક ભાગ રૂપે જિલ્લા કક્ષાએ જન જાગૃતિ સેમિનાર યોજવામાં આવ્યો હતો.

બાળલગ્ન નાબૂદી જનજાગૃતિ સેમિનાર જિલ્લા વિકાસ અધિકારી અજય દહીયાના અતિથિ વિશેષપદે યોજાયો હતો. આ ઉપરાંત જિલ્લા મહિલા અને બાળ કલ્યાણ અધિકારી શ્રીમતી સુલોચનાબેન પટેલ, જિલ્લા પ્રોગ્રામ ઓફિસર (સંકલિત બાલ વિકાસ યોજના) શ્રીમતી યશવંતીબેન ચાવડા, સીડબલ્યુ સી કીમટીના ચેરમેન સુભાષભાઈ સોનેરી, ચાઈલ્ડ રાઈટ એન્ડ યુ મુંબઈ તરફથી પ્રોગ્રામ એસોસિએટ શ્રી દિનેશભાઈ કકોથ, ગાંધીનગર થી સ્ટેટ હેડ શ્રીમતી રૂચા ઠક્કર અને શ્રી રોહન સિંહ તથા જિલ્લા બાળ સુરક્ષા સમિતિના સભ્યો, જિલ્લામાં સમૂહલગ્નનું આયોજન કરનાર સમૂહલગ્ન સમિતિઓના અધ્યક્ષશ્રીઓ, જિલ્લામાં કામ કરનાર એન.જી.ઓના પ્રતિનિધિઓ, જ્ઞાતિ પંચાયતના આગેવાનો તથા લગ્નના આયોજનમાં મહત્વની ભૂમિકાઓ ભજવનાર વ્યક્તિઓ હાજર રહ્યા હતા.

સેમિનારની શરૂઆત જિલ્લા બાળ સુરક્ષા અધિકારી સહ જિલ્લા બાળલગ્ન પ્રતિબંધક અધિકારી શ્રી મનીષ જોશીએ બધાને આવકારી અને સેમિનારના હેતુ વિશે વાત કરી હતી. જેમને જિલ્લામાં થતાં બાળલગ્નો વિશે ચિંતા વ્યક્ત કરી હતી. તેમજ સેમિનારમાં હાજર બધા લોકોને આવકાર્યા સમયમાં આ પ્રકારના સામાજિક દૂષણને દૂર કરવા સરકારનાં પ્રયત્નોમાં ભાગીદાર બનવા આહવાન કર્યું હતું.

# ધનસુરા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ અને એન.એસ.એના ઉપક્રમે બુટાલ ખાતે વિવિધ કાર્યક્રમ યોજાયો હતો



ધનસુરા, તા. ૬

ધનસુરા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ અને એન.એસ.એ ના ઉપક્રમે મહાત્મા ગાંધીજી ની જન્મ જયંતિ ના ભાગરૂપે સ્વચ્છતા અભિયાન અને સાથે જળ સંચય અને જનજાગૃતિ શિબિર નો કાર્યક્રમ બુટાલ ખાતે યોજાયો હતો.બુટાલ પ્રાથમિક શાળા ખાતેથી આ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. જેમાં નાયબ મામલતદાર કમલેશભાઈ અને ધનસુરા કોલેજના આચાર્ય પ્રફુલાબેન બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.જેમાં ધનસુરા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ના વિધાર્થીઓ એ ભાગ લીધો હતો.સાથે ગામમાં સ્વચ્છતાના બેનરો સાથે રેલી પણ યોજાઈ હતી.જેમાં સ્વચ્છતા ને લગતા બેનરો સાથે વિદ્યાર્થીઓએ રેલી કાઢી હતી.ધનસુરા કોલેજના આચાર્ય પ્રફુલાબેન બ્રહ્મભટ્ટ અને અન્ય પ્રોફેસરો ના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે.

# પસવાદળ ગામ અને જોષી પરિવાર દ્વારા નેશનલ એવોર્ડ વિજેતા સાહિત્યકારનું અભિવાદન



ડીસા, તા. ૬

તાજેતરમાં વડગામ તાલુકાના પસવાદળ મુકામે ઝવડલ સિધ્ધેશ્વર મહાદેવના મન્દિર ખાતે દલિત સાહિત્ય અકાદમી દ્વારા સાહિત્યનો ડો.આંબેડકર નેશનલ એવોર્ડ મેળવનાર સાહિત્યકાર પ્રવીણભાઈ જોષીનો સન્માન-અભિવાદન કાર્યક્રમ ગ્રામજનો દ્વારા રાખવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાને વડગામ તાલુકા ડેલીગેટ લક્ષ્મનભાઈ ભટોળે પોતાની આગવી શૈલીમાં ગામનું નામ રોશન કરનાર પ્રવીણભાઈને બિરદાવ્યા હતા. આ સાથે ગામના સરપંચ, માજી સરપંચ પરથીભાઈ લોહ, મહેશભાઈ ઠાકર, રામસુંગજી રાજપૂત, જે.બી.વાઘેલા, જયમલસિંહ વાઘેલા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ સન્માન સમારોહમાં સમગ્ર જોષી પરિવાર દ્વારા શાલ, મોમેન્ટો, શિલ્ડ-સન્માનપત્ર, ફુલહાર અને બુકેથી સાહિત્યકાર પ્રવીણભાઈ જોષીનું ઉત્સાહભેર સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પુનમભાઈ જોષીએ કર્યું હતું અને આભારવિધિ શિવરામભાઈ જોષીએ કરી હતી.

# ડીસાની હોસ્પિટલમાં પ્રસુતા મહિલાનું સારવાર દરમ્યાન મોત

ડીસા, તા. ૬

ડીસાની જોગ કૃપા સોસાયટીમાં રહેતા રજનીકાંતભાઈ સાધુની પત્ની કિરણબેનને પ્રસુતિ હોઈ તા.૪/૧/



૨૦ના રોજ સવારે ૧૦ વાગે ડીસાના ડો. સી. કે. પટેલના દવાખાને સારવાર અર્થે લાવવામાં આવેલ જ્યાં સારવાર દરમિયાન ડોકટરે બાળકના ધબકારા બંધ છે તેથી ઓપરેશન કરવુ પડશે તેમ કહેતા કિરણ બેનના સગાઓએ સંમતિ આપેલ અને સોનો ગ્રાફી કરાવી સારવાર શરૂ કરવામાં આવેલ જો કે ત્રણ વાગ્યાના સુમારે કિરણબેનને દુખાવો શરૂ થયેલ તેથી તેમના સગા ડોકટરને બોલાવવા ગયેલ જેથી થોડી વારમાં ડોકટરે આવી સારવાર શરૂ કરેલ પરંતુ તે દરમિયાન કિરણબેનનું મોત નીપજ્યું હતું જેના પગલે મૃતકના પરિવારજનોમાં ભારે રોકકળ મચી હતી અને તેમના સગાઓએ હોબાળો મચાવતા પોલિસની ટિમ દોડી આવી હતી.

બનાવના પગલે આનંદ હોસ્પિટલમાં લોકોનાં ટોળેટોળાં ઉમટી પડ્યા હતા.આ મામલે અશોકકુમાર દુર્ગાદાસ સાધુની ફરિયાદના આધારે ઉત્તર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતકની લાસ પી. એમ. અર્થે ડીસા સિવિલમાં મોકલી આપેલ જ્યાં સિવિલ દ્વારા મૃતકની લાસને અમદાવાદ ખસેડવામાં આવી હતી.

# ડીસાના કૃષ્ણનગરમાં એક લાખના મુદામાલની ચોરી

## ઠંડી વચ્ચે તસ્કરો સક્રિય થતા શહેરીજનોની ઊંઘ હરામ



ડીસા, તા. ૬

ડીસામાં ઠંડીના પગલે ચોરીની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થવા પામ્યો છે જેની વધુ એક ઘટનામાં ગત શનિવારે શહેરના કૃષ્ણ નગર વિસ્તારમાં એક બન્ધ મકાનમાં ત્રાટકેલા તસ્કરો સોનાચાંદીના ઘરેણાં અને રોકડની ચોરી કરી ફરાર થઈ ગયા હતા જે મામલે પોલિસે તપાસ હાથ ધરી છે.

આ અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર કૃષ્ણ નગરમાં રહેતા કિરીટકુમાર અમીચંદ ત્રિવેદી કોઈ કામસર પરિવાર સાથે બહાર ગયા હતા તે દરમિયાન રાત્રીના સુમારે કોઈ અજાણ્યા તસ્કરોએ તેમના બંધ મકાનનો દરવાજો તોડી ઘરમાં પ્રવેશ કરી મકાનમાં પડેલ સોનાનું મંગળસૂત્ર ,સોનાની ચેન, સોનાની બુટી, સોનાની લકી ,સોનાની વીંટી, ચાંદીના સિક્કા. તેમજ રોકડ ૬૦૦૦ મળી કુલ ૧,૧૦,૧૫૦ રૂ. ના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા વહેલી સવારે આસપાસના પાડોશીઓએ તેમનું મકાન ખુલ્લું જોતા આ મામલે મોબાઈલ ફોન કરી કિરીટભાઈને જાણ કરતા તેઓ દોડી આવ્યા હતા અને ઘરમાં તપાસ કરતા ઘરનો સામાન વેરવિખેર જોતા તેમને ચોરી થયાનું માલુમ પડતા આ ચોરી બાબતે તેમણે દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી તેમની ફરિયાદના આધારે પોલીસની ટિમ દોડી આવી હતી અને તપાસ હાથ ધરી હતી ત્યારબાદ વધુ તપાસ અર્થે ડોગ સ્કવોડ બોલાવવાની તજવીજ હાથ ધરી હતી.

# પ્રાંતિજ નગરપાલિકાની મનમાની

**તહેવારો ટાળે જ પાલિકાના વિકાસના નામે લીરા : મેન બજાર વચ્ચે આવેલ રોડ રાતોરાત ખોદી પાડયો : બજારના વેપારીઓ સહિત બજાર વિસ્તારના રહીશોમા નારાજગી : રાતોરાત ખોદકામ કરતા વાહન ચાલકો સલવાયા : વેપારીઓ રજુઆતો કરવા જતા નગરસેવકોએ ગાળો ભાંડી**



પ્રાંતિજ તા.૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના હાર્ડ સમાન મેન બજાર ચોક વિસ્તારમાં વેપારીઓ તથા રહીશો ને જાણ ક્યાં વગર રાત્રો રાત્ર ખોદકામ કરતા વેપારીઓ રહિશો માં નિરાસા તો વેપારીઓએ રજુઆત કરી તો નગરસેવકે ગાળો ભાડી મુદો ટોપ એન ટાઉન બન્યો .

પ્રાંતિજ મેન બજાર વિસ્તાર માં અચાનક રાત્રો રાત્ર રોડ બનાવવાને લઈને ખોદકામ કરવામાં આવતા વેપારીઓ તથા બજાર વિસ્તાર માં રહેતાં રહીશો માં રોષ જોવા મલ્યો હતો અને બજાર ના રહીશો ને અવરજવર ને લઈને મુશ્કેલીઓ ઉભી થઈ હતી તો પોતાના વાહનો પણ ઘર બહાર કાઢવા મુશ્કેલીઓ ઉભી થઈ તો આ બાબતે કેટલાક વેપારીઓ રહિશો દ્વારા નગર સેવકો ને રજુઆતો કરતા રોડ તમારો નથી અને ગાળો બોલી હોવાનો મુદો હાલતો બજાર વિસ્તાર સહિત પ્રાંતિજ પંથક મા ટોપ એન્ડ ટાઉન બન્યો છે તો આ વિસ્તાર ના રહીશો તથા વેપારીઓનુ કહેવું છે કે જો અમને અગાઉ થી ધ્યાન દોડયુ હોત તો અમે અમારા વાહનો બહાર કાઢી લીધા હોત અને આજે અમારે ઈમરજન્સી માં જવુ હોયતો કયાંથી નીકળીએ તો રોડ ના કામ ને લઈને આજ વિસ્તાર ના કોર્પોરેટર રાજેશભાઈ ટેકવાણી તથા ખુદ પાલિકા પ્રમુખ પણ અજાણ્યા હોવાનું જાણવા મળ્યું છે ત્યારે હાલતો રાત્રો રાત્ર રોડ નું ખોદકામ કરવામાં આવતા વેપારીઓ તથા બજાર વિસ્તાર ના રહિશો માં નારાજગી જોવા મળી રહી છે તો બીજી તરફ રોડ ના રોડ ના કામ ને લઈને બીજેપી વોડ નંબર-૪ના વોટશોપ ગુપ માં વેપારી રહીશો નગરસેવક સાથે ચર્ચાઓ થઇ હોવાનુ જોર પણ પકડયું હતું તો બીજી બાજુ ઉત્તરાય નો તહેવાર આવી રહ્યો છે ત્યારે રોડ ઝડપથી થશે કે કેમ જેને લઈને હાલતો વેપારીઓને ચિન્તા જોવા મળી રહીછે તો નગરપાલિકા ના બાંધકામ સમિતિ ના ચેરમેન અરવિંદભાઈ પરમાર પાલિકા ની ભુલ થઈ હોવાનું અને વેપારીઓ તથા રહીશો ને જાણ કર્યા વગર કામ ચાલું કર્યુ તે માટે રહીશો તથા વેપારી ઓની શ્રમા પણ માંગી હતી તો વેપારીઓ સાથે કરેલ ઉધ્ધત વર્તન અને ગાળો બોલવાનું વોર્ડ નંબર-૪ ના કોર્પોરેટર તથા બાંધકામ સમિતિ ચેરમેન તથા સીઓ ને પુછતા આ બાબતે બાંધી મુઠ્ઠી રાખી અજાયા હોવાનું કહ્યુ હતું અને અમે આ વિષે જાણતા નથી ત્યારે હવે જોવાનું એ રહ્યું કે પાલિકા દ્વારા ઉત્તરાય ના તહેવાર પહેલા રોડ નું કામ પુરૂ થશે કે કેમ એતો હવે જોવું રહ્યું.

# પ્રાંતિજ એસબીઆઈ બેંકના એટીએમમાં આગ લાગતા નાસભાગ મચી ગઈ

**બુમાબુમ થતાં આજુબાજુમાંથી લોકો દોડી આવ્યા હતાં : પ્રાંતિજ ફાયર ટીમ તથા સ્થાનિકો દ્વારા આગ હોલવવામા આવી : રાત્રીના ૧૨ વાગ્યે સોટશર્કિટ ને લઇને આગ લાગી : બેંક કર્મચારીઓ પણ દોડી આવ્યા : આગમા એટીએમમાં લગાવેલ એસી તથા થર્મોકોલની સીટી બળીને સ્વાહા**






પ્રાંતિજ તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ એસબીઆઈ બેંકમાં રહેલ એટીએમમાં રાત્રીના સમયે આગલાગતા બાજુબાજુમાં રહેતા રહીશો માં નાસભાગ મચી જવા પામી હતી તો પ્રાંતિજ ફાયર ટીમ ને જાણ કરતા તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી સ્થાનિકોની મદદથી આગ હોલવી હતી.

પ્રાંતિજ નગરપાલિકા સામે આવેલ ભારતીય સ્ટેટબેંક માં રહેલ એટીએમ માં રાત્રી ના ૧૨ કલાકે અચાનક સોટ શકિટ ના કારણે આગ લાગતા ધુવાળો ગોટાતા તથા બુમાબુમ થતા આજુબાજુમાંથી લોકો સહિત બેક કર્મચારીઓ પણ દોડી આવ્યા હતાં તો પ્રાંતિજ ફાયર બ્રિગેડની ટીમ ને જાણ કરતા તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતાં તો સ્થાનિક લોકોની મદદ થી એટીએમમાં લાગેલ આગને હોલવવામા આવી હતી તો આગ શોટશર્કિટના કારણે લાગી હોવાનું જાણવા મળ્યું હતું તો આગ ને લઈને એટીએમ માં લગાવેલ એસી તથા ઉપર તથા સાઈડમાં લાગેલ થર્મોકોલ બળી ને સ્વાહા થઈ ગયું હતું તો આજુબાજુ ના લોકો જાગી જતાં મોટી ઘટના ટળી હતી.